# કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# ગોધરા-૩૮૯૦૦૧

## "સૂર્ય ઉર્જાની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહત્વ" એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ

આણંદ કૃષિ યુનિવર્સિટી ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતેના "એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ એંજિનિયરિંગ બેજ્ડ ઇન્ટરવેનસનસ" પ્રોજેકટ અંતર્ગત રિન્યુએબલ એનર્જી એંન્જીનિયરિંગ વિભાગ અને અને કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદ ના સંયુકત ઉપક્રમે "સૂર્ય ઉર્જાની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહત્વ" વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ તારીખ ૧૭/૧૨/૨૦૨૫ ના રોજ કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ગામ: રોજમ, તા. દાહોદ, જી. દાહોદ થી ૫૦ જેટલા ખેડૂત ભાઈઓ તેમજ મહિલાઓ હાજર રહી ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. કાર્યક્રમ ની શરૂઆત પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી.

આ કાર્યક્રમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડાશ્રી (આર. ઈ. ઈ.), કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી, ગોધરા; ડૉ. હિતીક્ષા પરમાર, હેડ ઑફ યુનિટ, કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદ; ડૉ.ફરીદ સૈયદ, આચાર્ય, કૃષિ પોલી. ઇન એગ્રી. એંજિ., દાહોદ તેમજ કૃષિ સંશોધન કેન્દ્ર અને કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ હાજર રહ્યા.

રિન્યુએબલ એનર્જી એંન્જીનિયરિંગ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજિ કોલેજ વિભાગીય વડાશ્રી ડૉ. ડી. કે. વ્યાસ દ્વારા તાલીમાર્થીઓને સૂર્ય ઉર્જાનો ખેતીમાં ઉપયોગ કેવી રીતે કરી ખેડૂત તેની આવક કેવી રીતે વધારી શકે અને બાયોગેસ ટેક્નોલૉજી એ વધતી જતી ઉર્જાને પહોંચી વળવા માટે સૌથી યોગ્ય વિકલ્પ તેમજ ઘરોમાં પ્રકાશ, સિંચાઇ અને નાના ઉદ્યોગો માટે પણ બાયોગેસની ઉપયોગિતા અને બાયોગેસ સ્લરીનો ખેતરમાં ખાતર તરીકે ઉપયોગકેવી રીતે કરવો તેના વિષે માહિતીગાર કર્યા. ડૉ. હિતીક્ષા પરમાર, હેડ ઑફ યુનિટ, કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદ દ્વારા સંશોધન કેન્દ્ર ખાતે ચાલી રહેલ ચણાની જુદી જુદી જાતો અને લસણ ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિષે સંક્ષિપ્તમાં માહિતી આપી હતી. ડૉ.ફરીદ સૈયદ, આચાર્ય, પોલી. ઇન એગ્રી. એંજિ., દાહોદ દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ચાલી રહેલ કૃષિ તેમજ તેને સંલગ્ન ચાલતા ધોરણ ૧૨ પછીના સ્નાતક અને ધોરણ ૧૦ પછી ચાલતા ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો અને દાહોદ ખાતે ચાલી રહેલ પોલી. ઇન એગ્રીકલ્ચરલ એંજિનિયરિંગ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા.



















સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજના ના પી. આઈ. કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા "સૂર્ય ઉર્જાની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહત્વ"; "ગોબર ગેસનું મહત્વ અને તેના ફાયદા અને ગેરફાયદા" અને "સોલર પમ્પિંગ દ્વારા ખેતી તથા નિર્ધૂમ ચૂલા" વિષય પર, ડૉ. જે. શ્રવણકુમાર, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા "સૂર્યકુકરનું મહત્વ અને તેની ઉપયોગીતા"; "સૌર સુકવણી યંત્રનું મહત્વ અને તેની ઉપયોગીતા" અને "સોલર પેનલ વચ્ચે ખેતી : એગ્રી વોલ્ટિક" દ્વારા વિષય પર વ્યાખ્યાન આપવામાં આવેલ હતા. ડૉ. હિતીક્ષા પરમાર, હેડ ઑફ યુનિટ, કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદ દ્વારા લસણ ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને ડૉ. મિહિર પંડ્યા દ્વારા ચણાની સુધારેલ જાતો અને તેની લાક્ષણિક્તા વિષે પ્રત્યક્ષ નિદર્શન બતાવી માહિતીગાર કર્યા. વધુમાં ખેડૂત ભાઈઓ તેમજ

મહિલા તાલીમાર્થીઓને એ સદર તાલીમ દ્વારા સૂર્ય ઉર્જાની ખેતીમાં ઉપયોગિતા અને મહત્વ તેમને કેવી રીતે ઉપયોગી થશે તેના અભિપ્રાય પણ આપેલ હતા.

તાલીમના અંતે ડૉ. મિહિર પંડ્યા, મદદનીશ પ્રાધ્યાપક, કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદ દ્વારા આમંત્રિત મહેમાનો, ખેડૂત ભાઈઓ તેમજ મહિલા તાલીમાર્થી તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.